ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ૨૪(૧) માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમશબ/૧૨૧૯/૯૧૪/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૨૪/૦૫/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાન્ય વહિવટ વિભાગનું તા.૧૪/૦૮/૧૯૭૦નું જાહેરનામુ ક્રમાંકઃજીએસ/૨૮/ભરત/૧૧૬૮૭૦/ક.

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૯/૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૨૨/૦૧/૨૦૨૧ નો પત્ર ક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૧/૧૫૨૮-૩૦.

આ મુ ખ-

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૧) સામેના તા.૧૪/૦૮/૧૯૭૦ના જાહેરનામાથી રાજ્ય સરકારના જે કર્મચારી/અધિકારીઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા કર્મચારી/અધિકારીઓએ ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (૨) સામેના તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી / ઉચ્ચત્તર પગારધોરણ યોજના માટે રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્ય(CCC) તાલીમ પરીક્ષા પાસ કરવા અંગેની જોગવાઇ દાખલ કરવામાં આવેલ છે. જેમાં જે કર્મચારીઓની માતૃભાષા હિન્દી હોય તેવા કર્મચારીઓએ ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવા અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હોવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના તા.૨૨/૦૧/૨૦૨૧ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી / ઉચ્ચત્તર પગારધોરણ યોજના માટે રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

આ સિવાય શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૨૦ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.પી.મેંદપરા )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧, શાખા, ગ-૨, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા.અનેઉ.મા.શિ.બોર્ડ મારફત)
- નાં.સે.અ., સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3399-3398
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા.09/06/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

જાણ સારું તથા આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી કાર્યવાહી કરવા સારૂં.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.